**આકાશવાણી-ભુજ**

**સમાચાર વાચક:- શીતલ વૈશ્નવ**

**કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી**

**તારખ:- ૨૫-૧૧-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે**

---

## PM-મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમમાં બિન-રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા પરિવારોના યુવાનોને રાજકારણમાં જોડાવા અપીલ કરી છે.

ગઈકાલે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ કહ્યું કે એક લાખ યુવાનોને રાજકારણ સાથે જોડાવા માટે દેશમાં વિશેષ અભિયાન ચલાવવામાં આવશે.

પ્રધાનમંત્રીએ સમાજ માટે નિઃસ્વાર્થ ભાવે કામ કરતા યુવાનો વિશે વાત કરી. તેમણે ડિજિટલ હયાતી પ્રમાણપત્ર મેળવવા વૃદ્ધોને મદદ કરવા બદલ લખનૌના વીરેન્દ્રની પ્રશંસા કરી. શ્રી મોદીએ કહ્યું કે ડિજિટલ હયાતી પ્રમાણપત્રથી વૃદ્ધોને મોટી સુવિધા મળી છે. તેમણે કહ્યું કે આવા પ્રયાસોને કારણે ડિજિટલ હયાતી પ્રમાણપત્ર મેળવનારા લોકોની સંખ્યા વધીને 80 લાખથી વધુ થઈ ગઈ છે.

ગઈકાલે એનસીસી દિવસ પર, શ્રી મોદીએ કેડેટ તરીકેના તેમના દિવસોને યાદ કર્યા. શ્રી મોદીએ કહ્યું કે NCC યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને સેવાની ભાવના કેળવે છે. પ્રધાનમંત્રીએ યુવાનોને એનસીસીમાં મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી હતી.

શ્રી  મોદીએ કહ્યું છે એક વૃક્ષ માતાના નામે અભિયાને માત્ર પાંચ મહિનામાં 100 કરોડ વૃક્ષો વાવવાની મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે. શ્રી મોદીએ આ અભિયાનમાં દેશભરના લોકોની ભાગીદારી પર ખુશી વ્યક્ત કરી હતી. સ્વચ્છતા

અંગે શ્રી મોદીએ જણાવ્યું હતું કે સરકારી કચેરીઓમાંથી દાયકાઓ જૂની ફાઈલો અને કચરો દૂર કરવા માટે ખાસ સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે આ અભિયાનથી સરકારી વિભાગોમાં આશ્ચર્યજનક પરિણામો આવ્યા છે અને ઘણી જગ્યાઓ પણ ખાલી પડી છે. વડાપ્રધાને કહ્યું કે ભારતમાં 'કચરાથી કંચન'નો ખ્યાલ ઘણો જૂનો છે.

**(NSD/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------------

## સંસદના શિયાળુ સત્રની શરૂઆત

સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુએ કહ્યું છે કે, આજથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્ર દરમિયાન સરકાર કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે. શ્રી રિજિજુએ વિપક્ષી દળોને સત્ર દરમિયાન લોકસભા અને રાજ્યસભાની કામગીરી સરળતાથી ચાલે તે માટે સહયોગ આપવા વિનંતી કરી હતી..

શિયાળુ સત્ર 20મી ડિસેમ્બર સુધી ચાલશે. જો કે, 26મી નવેમ્બરે બંધારણ દિવસની ઉજવણી નિમિત્તે સંસદની બેઠક મળશે નહીં.

**(NSD/શીતલ વૈશ્નવ)**

---------------------------------------------------------------------------

## આરોગ્યમંત્રી-હોમિયોપેથીનો ઉપચાર

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અત્યારના આધુનિક યુગમાં નિરામય જીવન જીવવા માટે હોમિયોપેથી જડીબુટ્ટિ સમાન છે.

કાઉન્સિલ ઓફ હોમિયોપેથી સિસ્ટમ ઓફ મેડીસીન ગુજરાત રાજય અને નેશનલ કમિશન ફોર હોમિયોપેથીના સંયુક્ત ઉપક્રમે મહેસાણા દૂધસાગર ડેરી ખાતે રાજયનું પ્રથમ હોમિયોપેથીક ગુજરાત એલાઇટ કાર્યક્રમમાં શ્રી પટેલે કહ્યું હતું કે, હોમિયોપેથીના અમલીકરણ અને ઉપાચરમાં ક્રમશઃ બદલાવ આવી રહ્યો

છે. ગુજરાત રાજયમાં કોરોનાને પહોંચી વળવા માટે આયુર્વેદિક અને હોમિયોપેથી ખૂબ ઉપયોગી નિવડી હતી.

સમગ્ર ગુજરાતમાંથી 1 હજાર 200 જેટલા હોમિયોપેથી ડોકટર તથા વિદ્યાર્થીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

## નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન

નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈને ફરિયાદના નિરાકરણને ઝડપી બનાવવા માટે એક હજારથી વધુ કંપનીઓ સાથે ભાગીદારી કરી છે. જેમાં ઈ-કોમર્સ, ખાનગી શિક્ષણ, એફએમસીજી, ગૃહ વપરાશ, ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સ, રિટેલ આઉટલેટ્સ, ઓટોમોબાઈલ્સ અને બેન્કિંગ સહિતના મુખ્ય ક્ષેત્રોની કંપનીઓનો સમાવેશ થાય છે..

ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યું હતું કે, આ કંપનીઓને લગતી ફરિયાદો ઓનલાઈન રિઝોલ્યુશન માટે સીધી તેમને તબદીલ કરાશે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ કંપનીઓની સંખ્યા વર્ષ 2017માં 263 હતી તે વધીને એક હજાર નવ પર પહોંચી છે.

**(RNU અમદાવાદ/શીતલ વૈશ્નવ)**

---

## રવિપાકનું વાવેતર

જિલ્લામાં રવિપાકના વાવેતરે ગતિ પકડી છે અને 21મી નવેમ્બર સુધીમાં કુલ 44829 હેકટરમાં વાવેતર થયું હતું, જેમાં સૌથી વધુ જીરૂ 17205, રાઈ 13507, ઘાસચારો 4665, ઘઉં 4710 હેકટરમાં વવાયા છે.

દસેદસ તાલુકામાંથી રાપર તાલુકાના ગામડાઓમાં સૌથી વધુ વાવેતર થયું છે. જ્યારે ગાંધીધામ તાલુકો નાનો છે અને તેમા ગામડાઓ બહુ ઓછા છે, જેથી તેમાં

સૌથી ઓછુ 120 હેકટરમાં નોંધાયું છે. જોકે, ડિસેમ્બર, જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ક્રમશ: વધતું જશે અને માર્ચમાં ત્રણ વર્ષની સરેરાશ સરેરાશ 1 લાખ 71 હજાર 353 હેકટરને આંબી જાય એવી શક્યતા છે.

**(NP/શીતલ વૈશ્નવ)**

---

## હવામાન

રાજ્યમાં ઠંડા મથક તરીકે મોખરાનો ક્રમ જાળવી રાખનારા નલિયામાં ન્યૂનતમ તાપમાનનો પારો 12.2 ડિગ્રીએ સ્થિર રહ્યો હતો. કંડલા એરપોર્ટ મથકે પણ 12.7 ડિગ્રી જેટલા નીચા ઉષ્ણતામાન સાથે રાજ્યમાં બીજા ક્રમના ઠંડા મથકનો ક્રમ જાળવી રાખ્યો હતો. ભુજમાં 16.6 જ્યારે કંડલા બંદરે 17.9 ડિગ્રી સાથે રાત્રિ ઠંડી બની હતી. આગામી બે-ત્રણ દિવસ રાત્રિનું ઉષ્ણતામાન બેથી ત્રણ ડિગ્રી ઉંચકાશે તેવી સંભાવના હવામાન વિભાગ દ્વારા દર્શાવાઇ હતી.

**(NP/શીતલ વૈશ્નવ)**

---

RNU BHUJ